# Tame Ekvar Marvad Avjo Re Ho Marvada

તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા !
તમે મારવાડની મેંદી લાવજો રે હો મારવાડા !

તમે ઓલું લાવજો પેલુંલાવજો
પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

તમે એકવાર ઘોઘા જાજો રે હો મારવાડા !
તમે ઘોઘાના ઘુઘરાં લાવજો રે હો મારવાડા !

તમે ઓલું લાવજો પેલું લાવજો
પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

તમે એક વાર ચત્તિતળ જાજો રે હો મારવાડા !
તમે ચત્તિતળની ચૂંદડી લાવજો રે હો મારવાડા !

તમે ઓલું લાવજો પેલું લાવજો
પાન સોપારી પાનનાં બીડાં એલચી દાણા
હોં કે પેલું લાવજો રે હો મારવાડા !

Gujaratilyrics.com